શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમનું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૧૨ • ડિસેમ્બર-૨૦૧૭

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

SGVPને આંગણે યોજાયો યોગ - આયુર્વેદ - એલોપથીના પવિત્ર સમન્વય સ્વરૂપ શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલનો લોકાર્પણ સમારોહ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું હેલિકોપ્ટર દ્વારા SGVP ના પ્રાંગણમાં આગમન થતા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી દ્વારા વડાપ્રધાનશ્રીનું સ્વાગત.

પરમ પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય પુરાણી સ્વામીઓ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું પૂર્ણકુંભ અર્પણ કરી વેદમંત્રોના ગાન સાથે પરંપરાગત સ્વાગત કર્યું હતું.

SHREE JOGI SWAMI
SGVP HOLISTIC HOSPITAL

શ્રુતિ કહે છે, **सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।** 'જીવપ્રાણીમાત્ર સુખી અને નિરામય રહો.'

તથા ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યું છે -

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

'માતા-પિતા, ગુરુ અને રોગાતુર એવા મનુષ્યોની યથાશક્તિ આજીવન સેવા કરવી.'

પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ વેદ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આ સર્વજીવહિતાવહ આદેશોને લક્ષમાં લઈને ગુરુકુલ દ્વારા શિક્ષણ-સંસ્કાર-આરોગ્ય લક્ષી અનેકવિધ સેવાયજ્ઞોનો આરંભ કર્યો. પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા શ્રી જોગી સ્વામીના જપ અને તપે આ સેવાયજ્ઞના અગ્નિને પ્રજ્વલિત રાખવામાં ખૂબ સહયોગ આપ્યો.

આ પરોપકારી સંતોની સ્મૃતિમાં આજે પણ ગુરુકુલ દ્વારા અનેકવિધ સેવાકાર્ય થતા રહે છે. એ સેવાઓને લીધે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) સંસ્થા સમાજમાં ભારે પ્રતિષ્ઠા પામી છે.

આ સંસ્થાના કણકણમાં શ્રીહરિની મૂર્તિના રસથી અભરે ભરેલા પૂજ્યપાદ જોગીસ્વામીના ચરણોની ચાપ પડી છે. તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણને અતિ પ્રિય એવી ગાયો, બ્રાહ્મણ, સાધુ અને સમાજના દરેક લોકોની સેવાઓ થાય છે. જેનો ગુરુકુલ પરિવારના દરેક સભ્યોને ગર્વ છે.

આ સેવાકાર્યોમાં વધુ એક નૂતન સોપાનનો ઉમેરો થયો. કરૂણામૂર્તિ સંત શ્રી જોગીસ્વામીની પાવનકારી સ્મૃતિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સંદેશાઓને અનુસરીને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ જનતા જનાર્દનના સર્વાંગી આરોગ્ય માટે એક વિશિષ્ટ 'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'નું નિર્માણકાર્ય પૂર્ણ થયું.

દોઢ લાખ સ્કેવર ફીટ, સાત માળ અને ૨૦૦ બેડની આ ભવ્ય હોલિસ્ટિક હોસ્પિટલમાં યોગ, આયુર્વેદ, એલોપથી તથા અન્ય વૈશ્વિક ચિકિત્સા પદ્ધતિઓનો પવિત્ર સમન્વય કરવામાં આવ્યો છે. જેમાં અદ્યતન શ્રેષ્ઠ ઉપકરણો સાથે શ્રેષ્ઠ વૈદ્યરાજો, દેશ-વિદેશના શ્રેષ્ઠ ડૉક્ટરો અને ઉત્તમ યોગ નિષ્ણાતોની સેવા ઉપલબ્ધ થાય છે. વિશ્વના હેલ્થકેરના માપદંડોને અનુસરીને આ હોલિસ્ટિક હોસ્પિટલ સમાજના દરેક વર્ગની સમાન ગુણવત્તા, કાળજી અને સંવેદનાથી ચિકિત્સા કરી રહી છે.

કહી શકાય કે ન માત્ર ગુજરાતમાં પરંતુ સમગ્ર ભારતમાં સૌપ્રથમ નિર્માણ પામેલ આ વિશિષ્ટ હોલિસ્ટિક હોસ્પિટલનો ભવ્ય લોકાર્પણ સમારોહ તારીખ ૩ ડિસેમ્બર, ૨૦૧૭ માગશર સુદ પૂર્ણિમાના રોજ ઉજવાયો. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને તથા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલ લોકાર્પણ સમારોહનો અહેવાલ ગુરુકુલ દર્શનના માધ્યમ દ્વારા આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, ડિસેમ્બર : ૨૦૧૭, અંક : ૧૨

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી	:	પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	:	શાસ્ત્રી શ્રી યશવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	:	હરિકૃષ્ણ ગ્રાફિક્સ, વૃષભ આર્ટ
તસ્વીર	:	જી. વિઝન
મુદ્રક	:	સૂર્યા ઓફસેટ

છુટક અંક	:	રૂ. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	:	રૂ. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	:	રૂ. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	:	$ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'ના પ્રવેશદ્વાર પાસે નામાભિધાનની તક્તિનું અનાવરણ કરતા પૂજ્ય સ્વામીજી, સદ્‌ગુરુ સંતો, માનનીય વડાપ્રધાનશ્રી તથા મુખ્ય દાતાશ્રીઓ

SGVP ઈન્ટરનેશનલ સ્કુલમાં કુલ ૧૯ દેશોના વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે સંસ્કાર પ્રાપ્ત કરે છે. માનનીય મોદીજીએ દરેક દેશના એક એક પ્રતિનિધી તરીકે ઉપસ્થિત વિદ્યાર્થીઓની મુલાકાત કરી હતી. ઉપરાંત દસમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઢાંકેચા હિરેને પોતે કરેલ પેન્ટીંગ મોદીજીને અર્પણ કર્યું હતું.

'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'ના પ્રવેશદ્વારને ખુલ્લો મુકતા પૂજ્ય સ્વામીજી તથા મોદીજી. તેમજ હોસ્પિટલના પ્રવેશદ્વારમાં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી ગણપતિજી તથા શ્રી હનુમાનજીનું પૂજન.

દીપ પ્રાગટ્ય

'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'ના રિસેપ્સન ઉપર સંતો તથા મોદીજીનું સ્વાગત કરતા દાતાશ્રીઓ.
અહીં ઉપસ્થિત તમામ દાતાશ્રીઓનું સંતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું તથા મોદીજીએ અભિવાદન કર્યું હતું.

પૂજ્ય સ્વામીજી સાથે હોલિસ્ટિક હોસ્પિટલના યોગ - આયુર્વેદ - એલોપથીના દરેક વિભાગોનું નિરિક્ષણ કરતા મોદીજી.

માનનીય મોદીજી સાથે હોલિસ્ટિક હોસ્પિટલમાં સેવા આપનારા તમામ ડૉક્ટર્સ, વૈદ્યો તથા સ્ટાફના અન્ય મિત્રો

'શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ'ની મુલાકાત લીધા બાદ વિઝીટર બુકમાં પોતાનો અભિપ્રાય લખતા મોદીજી.



જય શ્રી સ્વામિનારાયણ.
દર્દી એ જ નારાયણ એવા અપાર ભક્તિભાવ સાથે સેવાને સમર્પિત, આધ્યાત્મિક ઊર્જાના વારસદાર સહુનો આ પ્રયાસ માનવમાત્રને સુખ આપશે તેવો વિશ્વાસ છે.
યોગ, આયુર્વેદ અને આધુનિક વિજ્ઞાનની ત્રિવેણીને ભવિષ્યના આરોગ્ય માટે પણ સંશોધનોને અવસર આપજો.
શ્રેષ્ઠી જનોને યોગદાન માટે અભિનંદન, સેવાપ્રવૃત્તિઓને નમન, ખૂબ ખૂબ શુભકામના.

લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત ૨૦,૦૦૦ થી પણ વધુ ભક્તજનોનું અભિવાદન ઝીલતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા મોદીજીનું સ્વાગત-સન્માન કરતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

સમારોહમાં ઉપસ્થિત ભક્તજનોને સંબોધન કરતા માનનીય નરેન્દ્રભાઈ મોદી, પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલના મુખ્ય દાતાશ્રીઓનું સન્માન કરતા પૂજ્ય સંતો તથા નરેન્દ્રભાઈ મોદી

આદરણીય શ્રી સૂરજભાઈ પટેલ, મોમ્બાસા

આદરણીય શ્રી નવીનભાઈ દવે

આદરણીય શ્રી હર્ષદભાઈ પટેલ, બોત્સવાના

આદરણીય શ્રી કાનજીભાઈ પટેલ, નાઈરોબી

લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત વિવિધ ધર્માચાર્યો તથા સંપ્રદાયના વરિષ્ઠ સંતો

લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલ, દાતાશ્રીઓ તથા મહાનુભાવો.

આદરણીય શ્રી વિશ્રામભાઈ પટેલ, શીશલ્સ

આદરણીય ડૉ. શ્રી વિજયભાઈ ધડુક, અમેરિકા

આદરણીય શ્રી નરહરિભાઈ કોયા, કલકત્તા

આદરણીય શ્રી દેવશીભાઈ હિરાણી, મસ્કત

આદરણીય શ્રી રમેશભાઈ વેકરીયા, યુ.કે.



આદરણીય શ્રી દિલીપભાઈ મહેતા, મસ્કત

પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલનું વિશેષ સન્માન

SGVP હોલિસ્ટિક હોસ્પિટલના લોકાર્પણ સમારોહમાં સંસ્થાના વિકાસકાર્યોમાં જેમનું અતિ મહત્વનું માર્ગદર્શન તથા સમર્પણ રહ્યું છે એવા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સંતો વતી સન્માન કરતા ગુરુકુલના ટ્રષ્ટી શ્રી મધુભાઈ દોંગા, ઈન્ટરનેશનલ સ્કુલના ડાયરેક્ટર શ્રી જયદેવભાઈ સોનગરા તથા વિપુલભાઈ પટેલે આનંદીબેનને પ્રસાદીની સાડી, મોમેન્ટો તથા દેવભૂમિ તિબેટ પુસ્તક અર્પણ કર્યું હતું. આ પ્રસંગે નિરમા કંપનીના માલિક શ્રી રકશનભાઈ પટેલનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

મંગલ ઉદ્‌બોધન

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલના લોકાર્પણ સમારોહમાં સ્વાગત પ્રવચન કરતા પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, આ સમારોહમાં પધારનારા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, વિવિધ ધર્માચાર્યો, સંતો, મહાનુભાવો તથા યજમાનોનું સ્વાગત કરતા આનંદ થાય છે. આદરણીય નરેન્દ્રભાઈ ઉપર પૂજ્ય જોગી સ્વામીના ખૂબ આશીર્વાદ રહ્યા છે. તેમની રાજકીય કારકીર્દીનો પ્રારંભ જ પૂજ્ય જોગી સ્વામીના આશીર્વાદથી થયો હતો. આજે તેઓ આ સંસ્થામાં દસમી વાર પધારી રહ્યા છે, ત્યારે એક પરિવારના સભ્ય તરીકે એમનું સ્વાગત કરું છું. તેઓ કોઈ પાર્ટીના નેતા નથી, પણ ભારતના પનોતા પુત્ર છે, દેશભક્ત છે જેનું અમારા સંતસમાજને ગૌરવ છે.

પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

SGVP હોલિસ્ટિક હોસ્પિટલના લોકાર્પણ સમારોહમાં વિડીયો દ્વારા આશીર્વાદ પાઠવતા વડતાલ પીઠાધિપતિ પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે જણાવ્યું હતું કે, આજનો પ્રસંગ સ્વામિનારાયણ સંપ્રદાય માટે ગૌરવવંતો છે. સંપ્રદાયના ઘરેણા સમાન શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ પૂજ્ય જોગી સ્વામીની સ્મૃતિમાં હોલિસ્ટિક હોસ્પિટલનું નિર્માણ કર્યું છે અને એના ઉદ્‌ઘાટનમાં આપણા સૌના લાડીલા નરેન્દ્રભાઈ પધાર્યા છે. આ પ્રસંગે અમો ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ અને અંતરનો રાજીપો વ્યક્ત કરીએ છીએ.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

આ કેમ્પસમાં અવારનવાર ધન્વન્તરી યાગ થાય છે. ત્યારે મનમાં વિચારોનું વાવાઝોડું ઉઠતું. એમાં લોકલાડીલા નરેન્દ્રભાઈએ પોતાના એક પ્રવચનમાં 'હોલિસ્ટિક હોસ્પિટલ'ની વાત કરી. એ શબ્દથી એક વીઝન ખૂલ્યું અને એમાંથી શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલનો પ્રાદુર્ભાવ થયો. મનમાં એવું રહેતું કે જેમના વિચારથી આ કાર્ય થયું છે એ પધારે અને હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરે. એ અમારું સ્વપ્ન આજે પૂર્ણ થયું છે.

રાજપુરુષો વિશ્વમાં ઘણા છે, પરંતુ નરેન્દ્રભાઈની સંસ્કારીતા, ધાર્મિકતા રાષ્ટ્રભક્તિ અમારા સૌ સંતોના હૃદયને સ્પર્શી જાય છે. એમની ધાર્મિકતા કોઈની ઉધાર લીધેલી નથી, પરંતુ હૃદયમાંથી ઉઠેલી છે. એમને ચા-વાળા તરીકે બધા ઓળખે છે, પરંતુ તેઓ સારા ડૉક્ટર પણ છે એ આજે ખબર પડી. વર્ષોથી માંદલા પડેલા અર્થતંત્રને એમણે જે ઈન્જેક્શન માર્યા છે એ હિમતવાન ડૉક્ટર જ કરી શકે. વ્યક્તિને દુઃખ થાય તે સહજ છે, પરંતુ ભારતે સાજું થવું હશે તો આ ડોઝ સહન કરવાની ધીરજ પણ કેળવવી પડશે. પ્રામાણિક અને પુરુષાર્થના પથથી આગળ વધવું પડશે.

શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલના નિર્માણનો ધ્યેય નાનામાં નાના માણસને પણ સારી સુવિધા મળે એ છે. આ હોસ્પિટલમાં સહયોગ આપનારા તમામ દાતાશ્રીઓને ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વ રીતે સુખી રાખે એવી પ્રાર્થના કરીએ છીએ.

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી

SGVPના પ્રાંગણમાં આપની વચ્ચે આવવાનો અર્થ થાય છે પરિવારમાં આવવું. આ સંસ્થા સાથે ખૂબ વર્ષો જૂનો નાતો છે. આજે પણ દિલ્લી ખાતે પ્રધાનમંત્રીની ઓફીસમાં પૂજ્ય બાલકૃષ્ણ સ્વામીએ મોકલેલા ખાટા મરચાનું અથાણું ખવાય છે. ચૂંટણીના આ માહોલમાં આવા પવિત્ર વાતાવરણાં આવવાનો અવસર મળવો એ મારા સૌભાગ્યની વાત છે. પૂજ્ય જોગી સ્વામી એક નિર્મળ હૃદયના સંત હતા. આજે એ જ સંતની સ્મૃતિમાં તૈયાર થયેલ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવાનો મને અવસર મળ્યો એ મારા મોટા ભાગ્ય છે.

મેં હોસ્પિટલનું બારિકાઈથી નિરિક્ષણ કર્યું. દરેક વ્યવસ્થામાં દિવ્યતા અને ભવ્યતા છે. જે સ્વામિનારાયણ સંપ્રદાયમાં હોય જ. મને ખુશી એ વાતની છે કે અહીં યોગ, આયુર્વેદ અને એલોપથીને એક છત નીચે લાવ્યા. આજે હિન્દુસ્તાનમાં એઈમ્સની ચર્ચા થાય છે ત્યારે એ જ સ્તરનું, એ જ લેવલે સંશોધન કરી શકાય તેવું આયુર્વેદ આધારિત એઈમ્સનું લોકાર્પણ કરવાનો આજે મને અવસર મળ્યો.

SGVPની બધી જ સેવાપ્રવૃત્તિઓ સાથે હું વર્ષોથી જોડાયેલો છું. હું પહેલીવાર ધારાસભાની ચૂંટણી જીત્યો ત્યારે ગુરુકુલમાં જોગી સ્વામીના આશીર્વાદ લઈને નીકળ્યો હતો. આજે મને વિશ્વાસ છે કે આ પ્રકલ્પ શીરમોડ બનશે. અહીં આવનારને નવી ઉર્જા મળે, સહુને પ્રસન્નતા પ્રાપ્ત થાય. તથા અહીં ઉપસ્થિત તમામ દાતાઓને હું અભિનંદન આપું છું.

યોગ - આયુર્વેદ - એલોપથીના પવિત્ર સમન્વય સ્વરૂપ

SHREE JOGI SWAMI

SGVP HOLISTIC HOSPITAL

હોલિસ્ટિક હોસ્પિટલની વિશેષતાઓ

- યોગ, આયુર્વેદ અને એલોપથીનો પવિત્ર સમન્વય.
- આયુર્વેદ તેમજ મેડીકલ ક્ષેત્રે ૬૦ વર્ષનો વિશ્વાસ પ્રાપ્ત બહોળો અનુભવ.
- દોઢ લાખ સ્ક્વેર ફીટનું બાંધકામ, સાત માળનું ભવ્ય બિલ્ડીંગ, ૨૦૦ બેડની ઉત્તમ સગવડ.
- નિષ્ણાત ડોક્ટર્સ-વૈદ્યો અને અત્યાધુનિક સાધનો દ્વારા રોગોની તપાસ તથા ઉપચાર.
- વિશ્વાસપાત્ર હોલિસ્ટિક ટ્રીટમેન્ટ સાથે કોઇ છૂપા સર્વીસ ચાર્જ નહીં, સ્પષ્ટ અને પારદર્શક બિલીંગ.
- સંપૂર્ણ પવિત્રપણે તૈયાર થયેલ પૌષ્ટિક અને સુપાચ્ય આહારયુક્ત કેન્ટીનની વ્યવસ્થા.
- એન.આર.આઇ. માટે આવાસ તેમજ ઉપચારની સ્પેશ્યલ અને શ્રેષ્ઠ સુવિધાઓ.
- રાહતદરના પ્રિમિયમ, વ્યક્તિગત, પારિવારિક તથા ગ્રુપ મેડીક્લેમની વ્યવસ્થા.
- કોન્ફરન્સ રૂમ, ટેલીમેડિસીન સેન્ટર, ટ્રેઇનીંગ સેન્ટર, રીસર્ચ સેન્ટર, લાઇબ્રેરીની ઉત્તમ વ્યવસ્થા.
- સવાર-સાંજ પ્રાર્થના, યજ્ઞ, મંત્રગાન અને સંગીતમય શાંતિદાયક વાતાવરણ.

બાગબગીચા અને હરિયાળીથી ભરપૂર કુદરતી વાતાવરણમાં તન-મન અને આત્માની પ્રસન્નતા માટે

સર્વાંગીણ સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે, સ્વસ્થ ભવિષ્યનાં નિર્માણ માટે SGVP હોલિસ્ટિક હોસ્પિટલમાં આપનું સ્વાગત છે.

યોગ તથા સ્પિરીચ્યુઅલ હિલીંગ સેન્ટર

આ સેન્ટરમાં "Spiritual Healing Treatment" એટલે કે પરમાત્માની દિવ્ય શક્તિ 'Super power inteligence' યોગ, ધ્યાન, મેડીટેશનથી માનસિક તેમજ શારીરિક માંદગીઓને વગર દવાઓએ અમેરીકન પદ્ધતિથી દૂર કરવાનું શિક્ષણ આપવામાં આવશે.

સ્પિરિચ્યુઅલ હિલીંગનો ઉદ્દેશ

- જીવાત્મા અને પરમાત્માના સંબંધને સમજવા પ્રયાસ કરવો.
- સર્વવ્યાપી પરમાત્મા પોઝિટિવ શક્તિનો સ્રોત છે. યોગ અને ધ્યાન દ્વારા એમનો સંપર્ક સાધવા પ્રયાસ કરવો.
- આધ્યાત્મિક જાગૃતિની ઉચ્ચ સ્થિતિને પામવા પ્રયત્નશીલ થવું.
- ચૈતન્યની ઊર્જામાં ગુણાત્મક વધારો કરવો.
- અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગોનો ઇલાજ કરવો.
- પોઝિટિવ વલણ પ્રાપ્ત કરી નેગેટીવ વિચારોથી મુક્ત થવું.

યોગથી થતા લાભ

- માઇન્ડ પાવર વધે છે, આત્મવિશ્વાસ વધે છે. સ્ટ્રેસ, ડીપ્રેશન દૂર થાય છે. યાદશક્તિ વધે છે.
- રોગ પ્રતિકાર ક્ષમતા વધે છે, શરીરસૌષ્ઠવ વધે છે અને યૌવન ટકી રહે છે.
- યોગ ગરદન, કમર, ઢીંચણ વગેરે તમામ પ્રકારના સાંધાના દુઃખાવા મટાડવામાં સહાયક બને છે.
- નિયમિત યોગ કરવાથી કષ્ટદાયક રોગમાં રાહત મળે છે.
- દવાઓ લેવા છતાં કન્ટ્રોલમાં ન રહેતી બ્લડ સુગર યોગથી નિયંત્રિત કરી શકાય છે.
- યોગથી હાઇ બ્લડપ્રેશરમાં રાહત થઇ શકે છે.
- યોગથી વધી ગયેલી ચરબીને ઘટાડી શકાય છે.
- માથાનો દુઃખાવો (માઇગ્રેન)માં યોગથી રાહત થાય છે.
- યોગથી અસ્થમા-દમમાં રાહત મળે છે અને ફેફસાંની કાર્યક્ષમતા વધારી શકાય છે.
- યોગથી શરીરમાં રહેલી અશુદ્ધિઓ (ટોક્સીન) દૂર થાય છે.

યોગ	ધ્યાન
અષ્ટાંગ યોગ	ઓરા ધ્યાન
આયંગર યોગ	નાદ ધ્યાન
તિબેટિયન યોગ	મંત્ર ધ્યાન
સંગીત સાથે યોગ	ચક્ર ધ્યાન
પાવર યોગ	દીપ ધ્યાન
યોગ પ્રશિક્ષણ	

યોગ વર્ગના નિયત સમય

સવારે: ૭ થી ૧૨ **સાંજે:** ૩ થી ૬

યોગ કન્સલ્ટીંગ અને સ્પેશિયલ યોગ ક્લાસ

બપોરે: ૨:૩૦ થી ૪:૩૦

રોગ અનુસાર યોગ

- ગરદનનો દુઃખાવો (Neck Pain)
- ખભાનો દુઃખાવો (Shoulder Pain)
- કમરનો દુઃખાવો (Back Pain)
- રાંઝણ (Sciatica Pain)
- ઢીંચણનો દુઃખાવો (Knee Pain)
- સ્થૌલ્ય (Obesity) તણાવ (Stress)
- પ્રમેહ (Diabetes)

પારંપરિક યોગ ઉપરાંત નવા સંશોધન પછી તૈયાર કરાયેલા કાષ્ટનાં ઉપકરણોની મદદથી ૯ વર્ષથી માંડી ૯૦ વર્ષની વ્યક્તિ પણ યોગના કઠિન આસન સરળતાથી કરી શકે તેવી વિશેષ ટ્રેઇનીંગનો આ કોર્સમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આયુર્વેદ

રોગમુક્તિ અને સર્વાંગીણ સ્વાસ્થ્ય આપનાર હજારો વર્ષ જૂની સફળ આયુર્વેદ ચિકિત્સાનું અતિ આધુનિક કેન્દ્ર એટલે SGVP HOLISTIC HOSPITAL

સુવિધાઓ

- નાડી પરીક્ષા
- પંચકર્મ(ડિટોકસીફિકેશન)
- ગર્ભસંસ્કાર
- પેઇન મેનેજમેન્ટ
- સ્ટ્રેસ મેનેજમેન્ટ
- ઓબેસિટી
- વયઃસ્થાપન
- પુનઃ યૌવન સ્થાપન
- વ્યસનમુક્તિ
- સૌંદર્ય ચિકિત્સા
- ક્ષારસૂત્ર
- કેશ સૌંદર્ય
- ગ્રીવાબસ્તિ
- કટિબસ્તિ
- જાનુબસ્તિ
- પત્રપિંડસ્વેદ
- જેન્તાક સ્વેદ
- શિરોધારા
- અભ્યંગ
- અગ્નિકર્મ
- પંચગવ્ય
- માઇન્ડ પાવર
- સુવર્ણ પ્રાશન
- વમન
- વિરેચન
- બસ્તિ
- રક્તમોક્ષણ
- અક્ષિતર્પણ

શરીરનું સંપૂર્ણ શુદ્ધિકરણ કરી દર્દને મૂળમાંથી મટાડતી ૨૫૦૦ વર્ષ પહેલાંની ચિકિત્સા પદ્ધતિ

પંચકર્મ-Detoxification

ઉપકરણો સાથે SGVP હોલિસ્ટીક હોસ્પિટલમાં આધુનિક સ્વરૂપે ઉપલબ્ધ છે.

આયુર્વેદ સુપર સ્પેશ્યાલિટી

- કેન્સર વિભાગ
- હૃદયરોગ વિભાગ
- કિડની વિભાગ
- ગર્ભસંસ્કાર વિભાગ
- વંધ્યત્વ નિવારણ વિભાગ
- બાળ રોગ વિભાગ
- ઓબેસીટી વિભાગ
- આંખ-કાન-નાક-ગળાનો વિભાગ
- મધુપ્રમેહ (ડાયાબિટીશ) વિભાગ
- માનસ રોગ વિભાગ
- વ્યસનમુક્તિ વિભાગ
- ક્ષારસૂત્ર વિભાગ
- વેલનેસ વિભાગ

પંચગવ્ય ગાયનું દૂધ । ગાયનું દહીં । ગાયનું ઘી । ગોમય । ગૌમૂત્ર

ગુરુકુલ દ્વારા છેલ્લા ૭૦ વર્ષથી સંતોની દેખરેખ નીચે ગાયોનું સંવર્ધન કરવામાં આવે છે. SGVPની ગૌશાળામાં ૨૦૦થી વધારે અસલ ગીર ગાયોની સેવા થાય છે. SGVP ગૌશાળાની ગાયો રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે. SGVPની ફાર્મસી દ્વારા આયુર્વેદની વિવિધ ઔષધિઓના સમન્વયથી પંચગવ્ય આધારિત ઔષધિઓ તૈયાર કરવામાં આવે છે, જેનો લાભ દેશ-વિદેશના અનેક લોકો સુધી પહોંચી રહ્યો છે અને તેઓ હઠીલા રોગોમાં રાહત મેળવે છે.

કેન્સર, એઇડ્સ, કિડનીની કાર્યક્ષમતા ઓછી હોવી, સોરાયસીસ જેવા ચામડીના જટિલ દર્દો, વંધ્યત્વ, હૃદયની નળીઓ બ્લોક હોવી વગેરે રોગોમાં લાભદાયક

ક્ષારસૂત્ર હરસ-મસા । ભગંદર । ફિશર



૨૫૦૦ વર્ષ પહેલા આચાર્ય સુશ્રૂત દ્વારા વિકસિત ક્ષારસૂત્ર પદ્ધતિ સૌથી વધારે ફલદાયી ચિકિત્સા છે. હરસ, મસા, ભગંદર જેવા અત્યંત પીડાદાયક દર્દોમાં ક્ષારસૂત્ર ઝડપથી પરિણામ આપે છે. સામાન્ય રીતે ક્ષારસૂત્રથી સારવાર થયા પછી આવી સમસ્યાઓ ફરીથી પેદા થતી નથી.

અભ્યંગ

અભ્યંગ એટલે આયુર્વેદની જાણીતી, માનીતી અને સદીઓ જૂની સચવાયેલી માલિશની ચિકિત્સા. નિષ્ણાત વૈદ્યના માર્ગદર્શન, તાલિમબદ્ધ અનુભવી થેરાપીસ્ટ અને રોગ-પ્રકૃતિ અનુસાર ઔષધિય તેલથી સંપૂર્ણ શાસ્ત્રીય રીતે અભ્યંગ કરવામાં આવે છે.

અભ્યંગના લાભ

- ઊંઘની સમસ્યા - અનિદ્રા દૂર થાય છે.
- સ્ટ્રેસ દૂર થાય છે. સ્ફૂર્તિ વધે છે.
- હાઈ બ્લડપ્રેશરમાં ઉપયોગી છે.
- ચામડી પરની કરચલીઓ દૂર થાય છે.
- ચામડી તેજસ્વી બને છે.
- ઉંમરની અસર જણાતી નથી.
- થાક દૂર થાય છે. વાયુની સમસ્યાઓ મટે છે.

શિરોધારા

શિરોધારાથી થતા લાભ

- ડિપ્રેશન, અનિદ્રા અને વાળના રોગો દૂર થાય છે.
- ઊંઘ સારી આવે છે. અલ્પનિદ્રામાં લાભ થાય છે. રોજ લેવી પડતી ઊંઘની ગોળીઓમાંથી છૂટકારો મેળવી શકાય છે.
- સ્ટ્રેસને કારણે થતાં મધુપ્રમેહ, હાઈ બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ, હૃદયરોગ, માઇગ્રેન જેવો માથાનો દુઃખાવો વગેરે દર્દોમાં ઝડપથી પરિણામ મળે છે.
- પગના વાઢિયાથી માંડી સોરાયસીસ જેવા ચામડીના દર્દોમાં લાભકારી.
- વાળને ખરતા અટકાવે છે, વાળનો જથ્થો વધારે છે, વાળની ગુણવત્તા વધારે છે.
- મનનું ચાંચલ્ય દૂર થતાં ધ્યાન સહજ થાય છે.

જાનુબસ્તિ ઢીંચણના સાંધાની સંપૂર્ણ સુરક્ષા

જાનુબસ્તિથી થતા લાભ

જાનુબસ્તિમાં ઢીંચણ ઉપર ચંત્ર ગોઠવીને એમાં ઔષધોથી સિદ્ધ ગરમ તેલનું પૂરણ કરી રાખવામાં આવે છે. ત્યારબાદ અભ્યંગ કરીને સ્વેદન કરવામાં આવે છે, જેનાથી સાંધાનાં દર્દો દૂર થાય છે.

- જાનુબસ્તિ એટલે ઢીંચણના દુઃખાવા, જકડાઇ જવું, પાણી ભરાવું, લીગામેન્ટ ઇન્જરી વગેરેમાં ઉપયોગી તથા ઢીંચણના સાંધાની આવરદા વધારવા માટે અક્સીર અને પ્રચલિત ચિકિત્સા પદ્ધતિ.

અગ્નિકર્મ

અગ્નિકર્મ એટલે ઝડપથી દુખાવો મટાડતી ચિકિત્સા. અગ્નિકર્મ એટલે ડામ નહીં, પરંતુ આચાર્ય સુશ્રૂતે ૨૫૦૦ વર્ષ પહેલા પ્રયોજેલી વૈજ્ઞાનિક ચિકિત્સા પદ્ધતિ. કણી-કપાસી, સારણગાંઠ, તમામ પ્રકારના સાંધાના દુખાવા જેમકે ઢીંચણ, કોણી, ખભો, કમર, મણકા, ગરદનનો દુખાવો, યકૃતવૃદ્ધિ, બરોળવૃદ્ધિ વગેરે દર્દમાં પણ અગ્નિકર્મ ઉપયોગી થાય છે.

રક્તમોક્ષણ

રક્તમોક્ષણ એટલે બગડેલા લોહીને શરીરમાંથી બહાર કાઢી નાખવું. શાસ્ત્રમાં તેની ચાર રીત છે. જેમાં આજે Syringe અને જળોથી રક્તમોક્ષણ થાય છે. રક્તમોક્ષણથી બગડેલાં લોહીને લીધે થતી સમસ્યાઓ, જેવી કે દુઃખાવો થવો, પાક થવો, બળતરા થવી, રાતા ચકામા થવા, ખંજવાળ આવવી, સોજા આવવા, ફોડલીઓ થવી વગેરે દૂર થાય છે.

ઓબેસીટી સ્લીમીંગ સેન્ટર

ચરબી વધવી એ આજની સૌથી મોટી સમસ્યા છે; જેના કારણે ડાયાબીટીસ, હૃદયરોગ, બ્લડપ્રેશર, થાઇરોઇડ જેવા લાઇફસ્ટાઇલને લગતા રોગો વધ્યા છે. આ રોગોને નિયંત્રિત કરવા માટે ચરબી ઘટાડવી ખૂબ જ આવશ્યક છે. આયુર્વેદની પંચકર્મ ચિકિત્સા, યોગ અને વૈજ્ઞાનિક ઉપકરણોથી ચરબી ઘટાડી શકાય છે.

મુખ લેપનમ્

આયુર્વેદિક ફેસિયલ પદ્ધતિ

આયુર્વેદના વિશેષ ઔષધોથી સિદ્ધ તેલ-લોશન-ક્રીમ-લેપ દ્વારા પ્રકૃતિ અનુસાર કરવામાં આવતાં ફેસિયલથી ખીલ, કાળા ડાઘ, ચહેરાની કાળાશ, કરચલીઓ દૂર કરીને મુખનું તેજ વધારે છે. સાથે સાથે માનસિક તણાવ દૂર થતા તાજગી અનુભવાય છે.

અક્ષિતર્પણ આંખ – દૃષ્ટિની સારસંભાળ

અક્ષિતર્પણથી તથા લાભ

- ચશ્માના નંબરમાં થતી વધઘટ અટકાવી શકાય છે.
- આંખોમાંથી પાણી પડતું બંધ થાય છે.
- આંખોની રતાશ, આંખોની રુક્ષતા (Dryness) દૂર થાય છે.
- આંખોમાં થતી બળતરાનું શમન થાય છે.
- આંખે ઝાંખું-ડબલ દેખાવું દૂર થાય છે.

સ્નેહન

સૂકાં લાકડાંને પણ તેલ લગાવી શેક કરવામાં આવે, તો નરમ બની જાય છે અને તેને જરૂર પ્રમાણે વાળીને કામમાં ઉપયોગી બનાવી શકાય છે. તેવી રીતે જીવતા માણસના અંગોને સ્નેહન અને સ્વેદનથી યથાયોગ્ય લચીલાં બનાવી શકાય છે. શરીર અને ત્વચાની રુક્ષતા દૂર કરી મૃદુ બનાવે છે.

સ્વેદન

સ્વેદનથી ત્વચા-શરીર કોમળ થાય છે. શરીરના તમામ સ્રોતો-માર્ગ નિર્મળ થાય છે. તંદ્રા અને વધારે પડતી ઊંઘ-આળસ દૂર થતાં શરીરમાં સ્ફૂર્તિનો સંચાર થાય છે. સાંધા અને સંધિબંધનોમાં આવી ગયેલી જડતા દૂર થાય છે. સાંધાની કાર્યક્ષમતામાં ઝડપથી સુધારો-વધારો થાય છે.



વમન

જેમ ઝાડને મૂળમાંથી કાપી નાખવામાં આવે તો ફરીથી ઊગતું નથી, તેમ તેનાં ફળ-ફુલ અને અંકૂરોનો તત્કાળ નાશ થાય છે. તેવી રીતે વમન પ્રક્રિયાથી કફ તથા કફ સંબંધિત તમામ વિકારો દૂર થાય છે.

વમન ચિકિત્સાથી શ્વાસની તકલીફ, શરદી, અમ્લપિત્ત, પેટના દર્દો, મોંની દુર્ગંધ, વધારે પડતી ઊંઘ, મોંની ચિકાશ, ચામડીના દર્દોમાં લાભ થાય છે.

વિરેચન વિરેચનથી થતા લાભ

- બુદ્ધિ પ્રકાશિત થાય છે.
- ઇન્દ્રિયોની કાર્યક્ષમતા વધે છે.
- સાતેય ધાતુઓ સ્થિર થાય છે.
- જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને ઘડપણ મોડું આવે છે.
- લીવરનાં દર્દો, રક્તવિકારથી થતા ચામડીના રોગો, શરીરે સોજા આવવા, વધતી જતી ચરબી (ઓબેસીટી) જેવા રોગોમાં લાભ થાય છે.

બસ્તિ બસ્તિથી થતા લાભ

- સાતેય ધાતુના સંપૂર્ણ શુદ્ધિકરણ માટે બસ્તિ આવશ્યક છે.
- બસ્તિથી શરીરના બધા જ દોષો સેલમાંથી વલોવાઇને બહાર નીકળી જાય છે.
- કોઇ પણ રોગની કમર તોડી નાંખવામાં બસ્તિચિકિત્સા અજોડ છે.
- બસ્તિ ઝડપથી ચરબી ઘટાડે છે અને વાયુના ૮૦ રોગો મટાડે.

નસ્ય નસ્યથી થતા લાભ

- જુની શરદી, માઇગ્રેન-માથાનો દુઃખાવો દૂર થાય છે.
- ખભા-હાથનો દુઃખાવામાં રાહત થાય છે.
- પક્ષઘાત-જ્ઞાનતંતુની સમસ્યાઓ હળવી થાય છે.
- હાઇ બ્લડપ્રેશર ઉપર કાબૂ મેળવાય છે.
- કાન-નાકના દર્દોમાં રાહત થાય છે.
- વાળ-ખીલ-સૌંદર્યની સમસ્યાઓ મટે છે.

વ્યસનમુક્તિ De-addiction

SGVP હોલિસ્ટિક હોસ્પિટલનો વ્યસનમુક્તિ વિભાગ આશાના નવાં કિરણ સમાન બની રહેશે. જેમાં વ્યસનોને કારણે શરીરમાં જમા થયેલા વિષને (Toxin) આયુર્વેદના પંચકર્મ અંતર્ગત Detoxification પ્રોગ્રામ દ્વારા નિર્મૂલન કરવામાં આવશે, જે પીડિત વ્યક્તિના જીવનમાં ચમત્કારિક નિખાર લાવશે. દારુ, તમાકુ-ગુટખા, બીડી-સીગારેટ, હુક્કા, ચરસ-ગાંજા, ડ્રગ્સ જેવાં વ્યસનમાંથી મુક્તિ મળશે. અનેક પ્રકારના રોગ દૂર થશે અને વિશેષમાં આર્થિક સમૃદ્ધિ વધશે.

યજ્ઞ ચિકિત્સા

યજ્ઞમાં આહૂતિ માટે વપરાતી વિશેષ ઔષધિઓ દ્વારા પ્રસરતો ધૂમાડો માણસની ઈન્દ્રિયો, વાણી અને મનને પ્રસન્ન કરે છે અને નિરામયતા બક્ષે છે.

S.G.V.P.ના હરિયાળા કેમ્પસમાં આવેલી યજ્ઞશાળામાં નિત્ય ધન્વન્તરી યજ્ઞ થશે, જે દૈવવ્યાપાશ્રય (સ્પીરીચ્યુલ હીલીંગ) ના ભાગરૂપ હશે.

ગર્ભ સંસ્કાર Plan your Dream Baby

બાળકો માટેનો અદ્‌ભૂત પ્રયોગ. ગર્ભસંસ્કાર દ્વારા માતાની સગર્ભા અવસ્થામાં જ બાળકના શારીરીક, માનસિક અને બૌદ્ધિક ભાવોનું સંવર્ધન કરી ૨૧મી સદીને અનુરુપ શ્રેષ્ઠ વ્યક્તિત્વનું નિર્માણ થઇ શકે છે. આયુર્વેદમાં ગર્ભસંસ્કાર દ્વારા માતા અને બાળકનાં સ્વાસ્થની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે.

સુવર્ણ પ્રાશન

નિયમિત સુવર્ણ પ્રાશનના લાભ

- બાળકની બુદ્ધિશક્તિ અને પાચનશક્તિ વધે છે.
- રોગ પ્રતિકારકશક્તિ વધે છે.
- ઋતુપરિવર્તન સમયે થતા વાઇરલ રોગો અને એલર્જીથી રક્ષણ આપે છે.

WELLNESS CENTER

નિત્ય યુવાન, નિત્ય સ્ફૂર્તિવાન, નિત્ય નિરોગી, રહેવાનો હોલિસ્ટીક ઉપાય

કામના ભારણની અસર આપણા મન-મસ્તિષ્ક અને શરીર પર પડે છે. જેની પ્રતિક્રિયા રૂપે થાક, ઉત્સાહનો અભાવ, ચિડિયાપણું, મહત્વની બાબતો કે મહત્વના કામ ભૂલાઇ જવા, ચોક્કસ નિર્ણય પર ન આવી શકાય-અવઢવમાં રહેવાય, ઘરે જીવનસાથી કે બાળકો પર અકારણ ચીડ આવે, ગુસ્સે થઇ જવાય. આવું થાય ત્યારે સમજવુ કે હવે આપણા તન-મનની તાંત્રિક વ્યવસ્થાને થોડી રિલેક્સ કરવાની જરૂર છે. ડી-ટોકિસફિકેશન એટલે કે આપણા શરીરમાં સંગ્રહિત થયેલા વિષાક્ત-તત્વોને શરીરમાંથી બહાર ધકેલવાની આવશ્યકતા ઉભી થઇ છે. તમારી આ જરૂરિયાત અને આવશ્યકતા પુરી કરવાનું સરનામું છે, 'SGVP હોલિસ્ટીક હોસ્પીટલ' કે જ્યાં યોગ, આયુર્વેદ અને એલોપથીનો પવિત્ર સમન્વય કરવામાં આવ્યો છે, જે વિશ્વમાં અજોડ છે. જેમાં સ્પિરીચ્યુઅલ હિલીંગ કરી શકે અને માઇન્ડ પાવર વધારી શકે એવી યૌગિક પ્રક્રિયાઓ, ઔષધિ દ્રવ્યોથી યજ્ઞ, મંત્રચિકિત્સા, ગૌપૂજન, સંગીત થેરાપી, આયુર્વેદ ચિકિત્સા, પંચકર્મ થેરાપી ઉપરાંત સાયન્સ અને ટેક્નોલોજીના તજજ્ઞોના કૌશલ્યનો ઉપયોગ થશે. SGVP કેમ્પસનું મનોરમ્ય હરિયાળું

વેલનેસ પેકેજના સરવાળા - બાદબાકી

શું મેળવશો ?	શું ગુમાવશો ?
ઉત્સાહ	ક્રોધ, ચિડિયાપણુ
ઉમંગ, સંતુષ્ટિ	ઇર્ષ્યા, અદેખાઇ
પ્રફુલ્લિત મન	મિથ્યાભિમાન, મિથ્યા અહંકાર
પ્રસન્ન આત્મા	લાલચ, લોભ,
સહજ આનંદ, સારી ભૂખ	સંગ્રહવૃતિ
સારૂં સ્વાસ્થ્ય, સારી ઊંઘ	થોડી ચરબી મનની, ઝાઝી તનની.



આ રીતે લઇશું આપની સંભાળ

હોલિસ્ટીક વેલનેસ સેન્ટરમાં આપનું સ્વાગત છે. આપ જ્યારે અમારા પ્રાંગણમાં પધારશો ત્યારે પ્રવેશ અંગેની ઔપચારિકતાઓ પુરી કર્યા પછી વેલનેસ પેકેજ દરમ્યાન આપની દિનચર્યા શું રહેશે તેની જાણકારી આપવામાં આવશે. આપના નાડી પરિક્ષણ અને પ્રકૃતિ પરિક્ષણ કરવામાં આવશે. એ ઉપરાંત અતિ આધુનિક લેબોરેટરીના નિષ્ણાતોની ટીમ આપનું 'ફુલ બોડી ચેક અપ' કરશે. જેમાં 'બ્લડ ટેસ્ટ'થી માંડી 'કાર્ડીયોગ્રામ' સુધીની સંપૂર્ણ વૈજ્ઞાનિક તપાસ થશે.

વેલનેસ પેકેજ

વેલનેસ પેકજના દિવસો

૧ દિવસ, ૨ દિવસ, ૭ દિવસ અને વધુ

વેલનેસ પેકજના પ્રકાર

ઇકોનોમીક, સ્પેશિયલ, એક્ઝીક્યુટીવ

HEALTH CARE PACKAGES

Hair
નસ્ય, શિરોધારા
રક્તમોક્ષણ
થેરાપ્યુટીક યોગ

Spondylitis
નસ્ય
ગ્રીવાબસ્તિ/કટિબસ્તિ
અગ્નિકર્મ, થેરાપ્યુટીક યોગ

Knee pain
દીપન-પાચન, પત્રપીંડસ્વેદ
યોગ બસ્તિ, રક્તમોક્ષણ
જાનુબસ્તિ, ઉપનાહ, અગ્નિકર્મ

Eye Disorder
રક્તમોક્ષણ
ચક્ષુતર્પણ, નસ્ય
થેરાપ્યુટીક યોગ

Migraine
થેરાપ્યુટીક યોગ
રક્તમોક્ષણ
નસ્ય, શિરોધારા

Beauty
શિરોધારા
ચક્ષુતર્પણ, નસ્ય
મુખલેપન, યોગ થેરાપી

Detoxification
યોગ થેરાપી, અભ્યંગ
વમન/વિરેચન, સ્વેદન
શિરોધારા, રક્તમોક્ષણ

Wellness
યોગ થેરાપી
બસ્તિ, અભ્યંગ
વમન/વિરેચન, સ્વેદન

Obesity
જેન્તાક સ્વેદ,
ઉદ્વર્તન, અપતર્પણ
લેખનબસ્તિ, યોગ થેરાપી

De-Addiction
અભ્યંગ, સ્વેદન
વમન/વિરેચન, બસ્તિ
રક્તમોક્ષણ, યોગ થેરાપી

આયુર્વેદ ઓ.પી.ડી. - સમયપત્રક

વૈદ્યનું નામ	સમય (સવારે ૯ થી ૧૨)	સમય (સાંજે ૩ થી ૫)
વૈદ્ય પ્રવીણ હીરપરા	૦૯:૦૦ થી ૧૨:૦૦ (શુક્ર)	૦૩:૦૦ થી ૦૫:૦૦ (સોમ થી ગુરુ)
વૈદ્ય તપનકુમાર	---	૦૩:૦૦ થી ૦૫:૦૦ (સોમ,બુધ,ગુરુ,શુક્ર,શનિ)
વૈદ્ય ભાવેશ જોષી	૦૯:૦૦ થી ૧૨:૦૦ (મંગળ, બુધ, શનિ)	૦૩:૦૦ થી ૦૫:૦૦ (સોમ, ગુરુ, શુક્ર)
વૈદ્ય ભવદીપ ગણાત્રા	૦૯:૦૦ થી ૧૨:૦૦ (મંગળ, બુધ, શનિ)	૦૩:૦૦ થી ૦૫:૦૦ (સોમ, ગુરુ, શુક્ર)
વૈદ્ય હીતેન્દ્ર ગોહીલ	૦૯:૦૦ થી ૧૨:૦૦ (સોમ, ગુરુ)	૦૩:૦૦ થી ૦૫:૦૦ (મંગળ, બુધ, શુક્ર, શનિ)
વૈદ્ય વિનય વોરા	૦૯:૦૦ થી ૧૨:૦૦ (સોમ થી શનિ)	---
વૈદ્ય સંકેત પટેલ	૧૦:૦૦ થી ૧૧:૦૦ (ગુરુ થી શનિ)	---
વૈદ્ય સ્વપ્નિલ મોદી	૧૦:૦૦ થી ૧૧:૦૦ (સોમ થી બુધ)	---
વૈદ્ય નિકેત શાહ	---	૦૩:૦૦ થી ૦૫:૦૦ (સોમ થી શુક્ર)
વૈદ્યા હિતિશા વોરા	૧૦:૦૦ થી ૦૧:૦૦ (સોમ થી શનિ)	---
વૈદ્યા વર્ષા સિંઘ	૦૯:૦૦ થી ૦૧:૦૦ (સોમ થી શનિ)	૦૩:૦૦ થી ૦૬:૦૦ (સોમ થી શનિ)
વૈદ્યા દિક્ષીતા ઠક્કર	૧૦:૦૦ થી ૧૧:૦૦ (સોમ થી શનિ)	---

Contact for Appointment

(02717) 240 001, +91 95122 00122 hospital@sgvp.org

એલોપથી

એલોપથી સુવિધાઓ

SPECIALTIES

કાર્ડિયાક સર્જરી અને કાર્ડિયોલોજી વિભાગ
ક્રિટીકલ કેર અને ફેફસાંના રોગોનો વિભાગ
ન્યુરો સર્જરી, ન્યુરોલોજી અને સ્પાઇન વિભાગ
કાન-નાક-ગળા વિભાગ, દાંત વિભાગ
આંખ વિભાગ
જનરલ મેડિસીન અને હેલ્થ ચેકઅપ વિભાગ
જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપી સર્જરી વિભાગ
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી અને ગેસ્ટ્રો સર્જરી વિભાગ
ઓર્થોપેડિક અને જોઇન્ટ રીપ્લેસમેન્ટ વિભાગ
બાળરોગ અને બાળ સર્જરી વિભાગ
ગાયનેક અને ઇન્ફર્ટીલીટી વિભાગ
એન્ડોસ્કોપી વિભાગ
એન્ડોક્રાઇનોલોજી (ડાયાબીટીસ, થાઇરોઇડ)
નેફ્રોલોજી અને યુરોલોજી વિભાગ
કેન્સર મેડિસીન અને કેન્સર સર્જરી વિભાગ
ચામડીના રોગ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગ
માનસિક રોગ અને વ્યસનમુક્તિ વિભાગ
ઇન્ફેક્શીયસ ડિસીસ (ચેપી રોગ) વિભાગ
એનેસ્થેશિયા વિભાગ
ફિઝીયોથેરાપી અને રિહેબિલીટેશન વિભાગ
પેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગ
રેડિયોલોજી વિભાગ

હેલ્થ ચેક અપ

ડાયાબીટીસ, બ્લડપ્રેશર, હૃદયરોગ, કેન્સર જેવા ઉંમર સાથે આવનાર છૂપા રોગોની ચકાસણી કરી શરૂઆતના તબક્કામાં જ સારવાર કરવાથી સ્વાસ્થ્ય જળવાઈ શકે છે. સ્ત્રી, પુરૂષ, બાળક કે વૃદ્ધ દરેક માટે ખાસ બનાવેલ હેલ્થ ચેક-અપ પેકેજ વડે SGVP હોસ્પિટલ 'વેલનેસ' જાળવવામાં મદદરૂપ થાય છે.

પ્રીમીયમ હેલ્થ ચેક અપ
એડવાન્સડ્ હેલ્થ ચેક અપ
એક્સિક્યુટીવ હેલ્થ ચેક અપ
બેઝિક હેલ્થ ચેક અપ
સર્વસાથી હેલ્થ ચેક અપ
ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ ચેક અપ
ડાયાબિટીક હેલ્થ ચેક અપ
કાર્ડિયાક હેલ્થ ચેક અપ
બોન એન્ડ જોઇન્ટ હેલ્થ ચેક અપ
કેન્સર હેલ્થ ચેક અપ
સ્મોકર્સ હેલ્થ ચેક અપ
ઓબેસીટી હેલ્થ ચેક અપ
પિડિયાટ્રીક હેલ્થ ચેક અપ
એડોલેસન્ટ હેલ્થ ચેક અપ
પ્રિ-મેરેજ હેલ્થ ચેક અપ
ક્વિન્સ હેલ્થ ચેક અપ
ક્વિક સેવન હેલ્થ ચેક અપ



- અગાઉથી નોંધાયેલા ગ્રુપ માટે પીક-અપ, ડ્રોપ વ્યવસ્થા.
- જાહેર રજાના દિવસો તથા રવિવાર માટે ખાસ વ્યવસ્થા.
- તપાસ સમયગાળા દરમિયાન અલ્પાહાર તથા ભોજન વ્યવસ્થા.
- ગ્રુપ કાઉન્સેલીંગ, યોગ સેશન અને કેમ્પસ મુલાકાત.
- રીપોર્ટ અંગેની સમજણ અને જરૂરી સારવાર અંગે ખાસ કન્સેશન.

રેડિયોલોજી વિભાગ

રેડિયોલોજી વિભાગમાં અદ્યતન ટેકનોલોજી ધરાવતા સાધનો જેવાં કે સી.ટી. સ્કેન, સોનોગ્રાફી મશીન, ડેક્ઝા, પોર્ટેબલ એક્સ-રે વગેરે મશીનો દ્વારા દર્દીને ચોક્કસ નિદાન સાથે સારવાર મળશે.

સી.ટી. સ્કેન



સચોટ નિદાન માટે અત્યાધુનિક ઉચ્ચ શ્રેણીનું GE (Revolution ACTs) સીટી સ્કેન મશીન – જેનાથી તપાસનો સમય અને રેડિયેશન ખૂબ ઘટી જાય છે.

ડેક્ઝા



ઉંમર તથા અમુક રોગોથી હાડકાં પોચાં પડે છે, જેની ચકાસણી માટે GE (Prodigy Advance) ડેક્ઝા મશીન.

મેમોગ્રાફી

Xtronics (XTROMAM 2000 HF) ડિજિટલ મેમોગ્રાફી મશીન સ્તન કેન્સરને શરુઆતના તબક્કામાં પકડી શકે છે.

અલ્ટ્રા સોનોગ્રાફી

ઉચ્ચ શ્રેણીનું 4D કલર ડોપ્લર સાથેનું GE(Logiq P9) સોનોગ્રાફી મશીન ખાસ સોફ્ટવેર વડે શરીરનાં દરેક અંગો માટેનાં નિદાન ઝડપી અને સચોટ બનાવે છે.

ઓપીજી મશીન



ખાસ પદ્ધતિથી લેવાતા ૩૨ દાંત અને જડબાનાં X-ray (X-tropics ઓર્થોપેન્ટોગ્રામ - OPG) વડે દાંત અને જડબાના હાડકાંની રચના જાણી ચોકઠાં, વાંકાચૂંકા દાંત, ફસાયેલી દાઢ વગેરેનું સચોટ નિદાન થાય છે.

એક્સ-રે

SIEMENS (Multiphos15 (1T)/KLH) ડિજિટલ એક્સ-રે મશીન વડે ડીપાર્ટમેન્ટ અને વોર્ડ કોઇ પણ જગ્યાએ ઉચ્ચતમ ગુણવત્તાના એક્સ-રે થઇ શકે છે.

લેબોરેટરી સુવિધા

અત્યાધુનિક સાધનો વડે સજ્જ લેબોરેટરીમાં બાયોકેમેસ્ટ્રી, ક્લિનિકલ પેથોલોજી, સાયટો પેથોલોજી, માઈક્રો બાયોલોજી, હિમેટોલોજી, ઈમ્યુનોલોજી, ઈમ્યુનોહીસ્ટો કેમેસ્ટ્રી, ચેપી રોગ, ન્યુટ્રીશન અને મેટાબોલિઝમ વિગેરેમાં સચોટ નિદાન થશે. લોહી, પેશાબ, મળ, શરીરનાં કોઈ પણ ભાગમાંથી ખેંચેલ પાણી-પરૂ-લોહીની તપાસ વિગેરેની સુવિધા ૨૪ કલાક રહેશે.

ઓ.પી.ડી. વિભાગ

નિદાન અને સારવાર માટે નિષ્ણાત ડોક્ટરોની નિયમિત હાજરી, હેલ્થ ચેક-અપ તથા અત્યાધુનિક સાધનો વડે સારવારની સુવિધાઓ. દર્દીઓને એપોઇન્ટમેન્ટ માટે હેલ્પ ડેસ્ક, ફોન-ઇન્ટરનેટ-વેબસાઈટ તથા મોબાઈલ એપ્લીકેશનની સુવિધા. સમય અનુસાર અલ્પાહાર તથા ભોજન માટે કેન્ટિન, જ્યાં શુદ્ધ અને પૌષ્ટિક આહારની વ્યવસ્થા

ઈન્ડોર વિભાગ

૨૦૦ પથારી ધરાવતી હોસ્પિટલમાં અત્યાધુનિક ICU, ડાયાલીસીસ સેન્ટર, ઓપરેશન થિયેટર તથા કિફાયતી શ્રેણીથી લઈ ઉચ્ચશ્રેણી સુધીના રૂમની સગવડ. દરેક દર્દી માટે ડોક્ટરની સુચના અનુસાર યોગ્ય અને પોષક આહારની સુવિધા. SGVP કેમ્પસનાં હરિયાળા વાતાવરણમાં તબીબી સારવાર ઉપરાંત યોગ, આધ્યાત્મિકતા અને શુદ્ધતાનો સંગમ દરેક દર્દીને પરવડે તેવી રીતે મળશે.

ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્ષ

૪ મોડ્યુલર ઓપરેશન થીએટર સાથે ૮૦૦૦ ચો.ફૂટ જેટલા વિસ્તારમાં ફેલાયેલું ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્ષ વિશ્વનાં સર્વોચ્ચ ગુણવત્તા ધરાવતાં સાધનોથી સજ્જ છે. ન્યૂરોસર્જરી, સ્પાઈન સર્જરી, હૃદયની દરેક પ્રકારની સર્જરી, કેન્સર સર્જરી, પેટ-આંતરડાની સર્જરી, સાંધા બદલવાની સર્જરી, આર્થ્રોસ્કોપી વિગેરે માટે આંતરરાષ્ટ્રીય પરિમાણ મુજબ સજ્જ છે. એન્ડોસ્કોપી સુવિધાથી આંતરડાં તથા ફેફસાંના રોગોનું નિદાન તથા સારવાર થઈ શકે છે.

CSSD વિભાગ

ઓપરેશનનાં સાધનો, વપરાશમાં લેવાના મટીરીયલ, એન્ડોસ્કોપી કેમેરા-બેટરી વગેરેને જંતુમુક્ત (સ્ટરીલાઇઝ) કરવા માટે વિશ્વ-નામાંકિત Steris (USA) ઓટો ક્લેવ અને પ્લાઝમા સ્ટરીલાઇઝર.

એનેસ્થેસિયા વિભાગ

કુશળ-નિષ્ણાત-અનુભવી એનેસ્થેટીસ્ટની ટીમ સંસ્થામાં થઈ રહેલ દરેક ઓપરેશન તથા સારવારમાં ૨૪ કલાક ઉપલબ્ધ છે.

ઓપ્થાલ્મિક ઓપરેશન થિએટર

મોતિયાબિંદુ, ગ્લાકોમા, ત્રાંસી આંખ, આંખના હેમરેજ વગેરે ઓપરેશન માટે અલાયદુ અત્યાધુનિક ૫૦૦ ચો. ફુટથી મોટું ફેકો મશીન, માઇક્રોસ્કોપ તથા લેઝર સુવિધાઓ ધરાવતું ઓપરેશન થિએટર.

I.C.U.

૪,૦૦૦ સ્ક્વેર ફૂટમાં ફેલાયેલા I.C.U. વેન્ટીલેટર, મોનીટર, IABP, પેસમેકર, ડાયાલિસીસ, આઈસોલેશન સુવિધા તથા સેન્ટ્રલ મોનીટર વડે સજ્જ છે. કોઈ પણ પ્રકારના ગંભીર દર્દીને ઉત્તમ સારવાર આપવા માટે સક્ષમ છે.

ડાયાલિસીસ સેન્ટર

નિયમિત ડાયાલિસીસની જરૂરિયાત ધરાવતા દર્દીઓ માટે ૨૪ કલાક કાર્યરત અને અત્યાધુનિક સાધનો ધરાવતું કિફાયતી સેન્ટર.
દર્દીઓ માટે આરામદાયક બેડ-કમ ચેરની વ્યવસ્થા.

ફિઝીયોથેરાપી વિભાગ

ટૂંકી અને લાંબી માંદગી, મગજના રોગો, આકસ્મિક ઈજાઓ, કરોડરજ્જુ અને સાંધાના રોગો વિગેરે માટે અત્યાધુનિક સાધનો સાથે સજ્જ ફિઝીયોથેરાપી-રિહેબીલીટેશન વિભાગ અને નિષ્ણાતોની ટીમ.

દાંત વિભાગ

દાંતના દરેક પ્રકારના રોગો - સડો, વાંકાચૂંકા દાંત, પેઢાના રોગો વિગેરેનું નિદાન અને સારવાર માટે OPG, ડિજિટલ X-ray મશીનની સુવિધા, ડેન્ટલ ઈમ્પ્લાન્ટ, ચોકઠા, દાંતની સફાઈ, કોસ્મેટિક ડેન્ટિસ્ટ્રી વિગેરે ઉપલબ્ધ છે.

આંખ વિભાગ

આંખની કીકી, આંખના પડદાના રોગ, ત્રાંસી આંખ, મોતિયાબિંદુ, ગ્લાકોમા વગેરે માટે નિદાન-સારવારની વિશ્વસ્તરીય સુવિધાઓ. અનુભવી નિષ્ણાત સર્જનો દ્વારા ઓપરેશન. બાળકથી માંડી દરેક ઉંમરના દર્દીઓ માટે સારવારની સુવિધા.

મેડિસીન વિભાગ

પુખ્ત વયના દરેક વ્યક્તિઓ માટે જનરલ મેડિસીન વિભાગ. દરેક રોગના પ્રાથમિક, પ્રારંભિક નિદાન-સારવાર માટે અનુભવી ફિઝિસીયનોની ઉપસ્થિતિ. હેલ્થ ચેક અપ, પ્રી-એમ્પ્લોયમેન્ટ ચેક અપ, પ્રિવેન્ટીવ હેલ્થ ચેક અપ વગેરેની સુવિધાઓ.

ઓર્થોપેડિક વિભાગ

હાડકાં, સાંધા, કરોડરજ્જૂ - મણકાના દરેક પ્રકારના નિદાન - સારવાર - ઓપરેશનની સુવિધા. B.M.D., DEXA Scan વડે હાડકાંના ઘસારાનાં નિદાનની સુવિધા. આર્થ્રોસ્કોપી, જોઈન્ટ રીપ્લેસમેન્ટ, ફ્રેકચરની સારવાર નિષ્ણાત તબીબો દ્વારા.

બાળરોગ વિભાગ

બાળકોના દરેક રોગ તથા દરેક પ્રકારની સર્જરીની સુવિધા. બાળકો માટે અલાયદો વોર્ડ, એક્ટિવિટી રૂમ, વાલીઓ માટેની સુવિધા. બાળકો માટે આંખ, દાંત, હૃદયરોગ, ન્યુરોલોજી, ચેપી રોગ, ફેફસાંના રોગો, કેન્સર વિગેરેના વિશેષ નિષ્ણાત ઉપલબ્ધ.

ગાયનેક વિભાગ

સ્ત્રી રોગોના નિદાન - સારવાર તથા ઓપરેશનની સુવિધા. વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (ઈન્ફર્ટીલીટી સેન્ટર) તથા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે સલાહ કેન્દ્ર (કાઉન્સેલીંગ સેન્ટર) ધરાવતી એકમાત્ર હોસ્પિટલ.

કાન-નાક-ગળા વિભાગ

એન્ડોસ્કોપી અને આધુનિક સાધનોથી થતાં નિદાન વડે ગળાના રોગો, કેન્સર, બહેરાશની તપાસ અને સારવારની સુવિધા ઉપલબ્ધ છે.

હૃદયરોગ તથા CVTS વિભાગ

2D Echo, ટ્રેડમીલ, હોલ્ટર મોનીટર, ECG વિગેરે દ્વારા બ્લડપ્રેશર, હાર્ટએટેક, હાર્ટફેલ્યોર, હૃદયની અનિયમિત ગતિ વિગેરેનું નિદાન-સારવાર સુવિધા. ફેફસાંના જટિલ ઓપરેશન તથા હૃદયનાં ઓપરેશન માટે અત્યાધુનિક સાધનોથી સુસજ્જ અનુભવી સર્જનોની ટીમ.

કીડની વિભાગ

કીડનીના રોગોનાં નિદાન (નેફ્રોલોજી) અને ઓપરેશન (યુરોલોજી) વિભાગ મુત્રાશય, કીડનીની પથરી, પ્રોસ્ટેટ - કેન્સર તથા કીડનીના કોઈપણ રોગો વગેરેની સારવારની અથવા ઓપરેશનની અત્યંત અનુભવી નિષ્ણાતોની ટીમ દ્વારા સુવિધા.

ન્યુરોલોજી-ન્યુરો સર્જરી વિભાગ

મગજના દરેક રોગોનાં સચોટ નિદાન - સારવાર માટે વિશ્વસ્તરીય સુવિધા ધરાવતું ન્યુરોસાયન્સ સેન્ટર. Nihon Kohden (JAPAN) વિડિયો EEG & EMG-NCV, બ્રેઈન લેબ, ન્યુરોમાઈક્રોસ્કોપ, ન્યુરો એન્ડોસ્કોપ વગેરે અત્યાધુનિક સાધનો ધરાવતું ગુજરાતનું એકમાત્ર ગણી શકાય એવું કેન્દ્ર.

સર્જરી વિભાગ

દરેક પ્રકારની જનરલ સર્જરીની સુવિધા, જ્યાં વિશ્વસ્તરીય ઓપરેશન થીયેટરમાં નિષ્ણાંત સર્જનો પરંપરાગત, લેપ્રોસ્કોપી તથા એન્ડોસ્કોપી સર્જરી વડે સારવાર આપશે.

ફેફસાંના રોગોનો વિભાગ

દમ-શ્વાસ, બ્રોન્કાઇટીસ, ન્યુમોનિયા, સ્વાઈન ફ્લુ, ટી.બી., કેન્સર, ફાઈબ્રોસીસ, પ્લુરસી વગેરે દરેક રોગોના સચોટ નિદાન-સારવારની સુવિધા તથા અનુભવી નિષ્ણાતોની ઉપસ્થિતિ.

24x7

Emergency | Pharmacy | Radiology
Day Care | Ambulance | ICU on Wheels

SGVP HOLISTIC HOSPITAL માં કોઇપણ પ્રકારની ઇમર્જન્સીને પહોંચી વળવા માટે આધુનિક અને આંતરરાષ્ટ્રીય માપ દંડોથી સુસજ્જ એવો ઇમર્જન્સી વિભાગ છે. જેનાથી દર્દીને ઝડપથી વધુ સઘન તપાસ અને સચોટ તાત્કાલીક સારવાર મળી રહેશે.

એલોપથી ઓ.પી.ડી. - સમયપત્રક

કાર્યરત વિભાગ	કાર્યરત ડોક્ટર	દિવસ	સમય
જનરલ મેડીસીન	ડો. સંજય જોષી (MD)	દરરોજ	સાંજ
	ડો. ચિરાગ જોષી (MD)	દરરોજ	સવાર
હેલ્થ ચેક અપ	ડો. દિગ્વિજયસિંહ સરવૈયા (MBBS)	દરરોજ	સવાર
પલ્મોનોલોજી	ડો. પંકજ વ્યાસ (MB,DTCD)	દરરોજ	સવાર
	ડો. પાર્થિવ મહેતા (MD)	દરરોજ	સવાર
જનરલ સર્જરી	ડો. નેમી ગોરીવાલ (MS, FAIS)	બુધવાર	સવાર
ઓર્થોપેડીક	ડો. ડી.એસ. રાણા (MS)	દરરોજ	સવાર
	ડો. ચંદ્રેશ આર. શર્મા (MS)	મંગળ-શનિ	સવાર
	ડો. પ્રિતેશ શાહ (MS)	સોમ-ગુરુવાર	બપોર
	ડો. અલ્પેશ પટેલ (MS)	અપોઇન્ટમેન્ટથી	—
ડેન્ટલ	ડો. વિપુલ બારસીયા (MDS)	દરરોજ	સવાર
	ડો. શેતુર શાહ (MDS)	દરરોજ	બપોર
યુરોલોજી	ડો. ચેતન ગોકાણી (MCh)	દરરોજ	સવાર
	ડો. કેતન શુકલ (MCh)	અપોઇન્ટમેન્ટથી	—
ક્લિનીકલ ન્યુટ્રીશન	રૂચા મજમુદાર મહેતા (MSC)	દરરોજ	સવાર
ફીઝીયોથેરાપી	ડો. એસ. અકીવાટકર (BPT)	દરરોજ	સવાર
ઈ.એન.ટી.	ડો. મિત્તલ મહેતા (MS)	દરરોજ	સવાર
	ડો. મિહિર મહેતા (MS)	અપોઇન્ટમેન્ટથી	—
	ડો. કેયુર ગવાડીયા (MS)	અપોઇન્ટમેન્ટથી	—
ઓપ્થલમાલોજી (આંખ)	ડો. સેજલ દેસાઈ (MS)	સોમવાર	બપોર
	ડો. શીરીષ પટેલ (MS)	મંગળવાર	સવાર
	ડો. ચિંતન મહેતા (MS)	બુધ થી શનિ	સવાર
નેફ્રોલોજીસ્ટ	ડો. રૂપેન પંચાલ (DNB)	સોમ-ગુરુવાર	સવાર
ન્યુરો મેડીસીન	ડો. સાગર બેટાઈ (DM)	મંગળવાર	સવાર
	ડો. રૂચિર દિવેટીયા (DM)	શનિવાર	સવાર
કાર્ડીયોથોરાસીક સર્જરી	ડો. સુકુમાર મહેતા (MCh)	મંગળ-શુક્રવાર	સવાર
	ડો. તુષાર પટેલ (DNB)	મંગળ-શુક્રવાર	સવાર
	ડો. ભુપેશ ડી. શાહ (MCh,DNB)	અપોઇન્ટમેન્ટથી	—
ચેપી રોગ	ડો. સ્વાતિ ગોહિલ (MD)	ગુરુ-શનિવાર	સવાર
	ડો. કેતન પટેલ (MD)	ગુરુ-શનિવાર	સવાર
ગેસ્ટ્રોએન્ટ્રોલોજી	ડો. અજય ચોકસી (DNB)	સોમ-ગુરુવાર	સવાર
	ડો. કુણાલ ભારદ્વાજ (DNB)	મંગળ-શુક્રવાર	સાંજ
કાર્ડિયોલોજી	ડો. અભિષેક રાજપોપટ (DM)	બુધ-શુક્રવાર	સવાર
ગેસ્ટ્રો બેરીયાટીક સર્જરી	ડો. રશ્મિ ઠક્કર (MS)	મંગળ-ગુરુ	સાંજ
	ડો. અપૂર્વ વ્યાસ (MS)	મંગળ-ગુરુ	સાંજ
	ડો. જૈમિન ગજજર (MS)	મંગળ-ગુરુ	સાંજ
પીડીયાટ્રીક	ડો. રાકેશ શર્મા (MD)	સોમ-ગુરુવાર	બપોર
	ડો. આર્તિક લાડુમોર (MD)	સોમ-ગુરુવાર	બપોર
ન્યુરો સર્જરી	ડો. રાજેશ શીશુ (MCh)	અપોઇન્ટમેન્ટથી	—
ઓન્કો સર્જરી	ડો. ધવલ રાજદે (MCh)	બુધવાર	સવાર
પ્લાસ્ટીક સર્જરી	ડો. મિલિન્દ મહેતા (MCh)	મંગળવાર	સવાર
રુમેટોલોજી	ડો. સપન પંડ્યા (DM)	મંગળ	સવાર
	ડો. તરલ પરિખ (DM)	મંગળ	સવાર
સાઇકિયાટ્રી	ડો. હિમાંશુ દેસાઈ (MD)	સોમવાર	સવાર
ક્લિનીકલ સાઇકોલોજી	સરોજબેન જોષી (MA)	બુધવાર	બપોર
એન્ડોક્રાયનોલોજી	ડો. દિપલ પારેખ (DM)	બુધવાર	બપોર
પીડીયાટ્રીક સર્જરી	ડો. સુમિત કુમાર (MCh)	ગુરુવાર	સવાર
ડર્મેટોલોજી	ડો. અનિરુદ્ધ વ્યાસ (MD, DVD)	ગુરુવાર	સવાર
	ડો. મેહા બેટાઈ (MD)	અપોઇન્ટમેન્ટથી	—
ગાયનેકોલોજી - ઈન્ફર્ટીલીટી	ડો. રિદ્ધિ શુકલા (MD)	ગુરુવાર	સવાર
	ડો. દર્શના ઠક્કર (MD)	ગુરુવાર	સવાર
	ડો. સુવર્ણાબેન શાહ (MD)	અપોઇન્ટમેન્ટથી	—

સમયઃ- સવારે ૯ થી ૧૧, બપોરે ૧૨ થી ૨, સાંજે ૪ થી ૬

SERVICES @ SGVP HOLISTIC

- Yoga
- Ayurveda
- Wellness Package
- Tele Medicine
- Health Check up
- Helpdesks
- Awareness Programmes
- Home Care
- Disaster Medical Aid
- Radiology Services
- Diet & Nutrition
- In Patient Department
- Pharmacy
- Education Training
- Rehabilitation
- OPD Clinics
- Laboratory Services
- ICU on Wheels & Ambulance
- Rural Out Reach Service
- Health Insurance

સંતો સાથે હોલિસ્ટિક હોસ્પિટલ લોકાર્પણ સમારોહમાં જુદા જુદા વિભાગોમાં રાત્રિ-દિવસ સેવા કરનારા સ્વયંસેવકોની વિશાળ ટીમ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

સંતો સાથે હળવી પળો વિતાવતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset,
Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat